# પ્રાંતિજ તાલુકામાં પશુચોરીનો સીલસીલો યથાવત

**છેલ્લા એક સપ્તાહમાં પશુચોર ગેંગનો તરખાટ, પશુમાલિકોની નિંદ્રા હરામ થઈ ગઈ : ચંચળબાનગર અને ઘડીમાંથી ૧,૩૨૦૦૦ હજારની કિંમતની પશુઓની ચોરી**

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ચંચળબા નગરમાંથી બે ભેંસો અને એક પાડી તથા ઘડી ગામેથી બે ભેંસોની કોઈ અજાણ્યા ચોર ઈસમો દ્વારા ચોરી કરીને લઈ જતાં બન્ને પશુ માલિકો દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા પશુચોર વિરૂદ્ધ ફરીયાદ કરતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના ચંચળબા નગર પાસે આવેલ ખેતરમાં બોર ઉપર બાંધેલ બે ભેંસો અને પાડી જેની કિંમત ૬૭૦૦૦ કોઈ અજાણ્યા ચોર ઈસમો રાત્રીના સમયે પશુઓની ચોરી કરી લઈ જતાં પશુ માલિક મુકેશભાઈ શામળભાઈપટેલ રહે. યોગેશ્વર સોસાયટી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે જયારે પ્રાંતિજના ઘડી ગામે પણ રાત્રીના સમયે કોઈ અજાણ્યા પશુચોર ઈસમો ઘર આગળ બાંધેલી બે પશુ જેની કિંમત ૬૫,૦૦૦ કોઈ અજાણ્યા પશુ ચોર ચોરી કરીને લઈ જતાં પશુમાલિક હેમંતકુમાર દિનેશભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવી છે. જયારે ઉલ્લેખનીય છે કે છેલ્લા એક સપ્તાહથી પ્રાંતિજ તથા તાલુકામાંથી પશુચોર ગેંગ શક્રિય હોવા છતાં પોલીસ માત્ર કુંભકરણ નિદ્રામાં હોય તેવું હાલ તો સ્પસ્ટ પણે જણાઈ આવે છે અને રાત્રીના પંટ્રોલિગ ઉપર પણ શંકાકુશંકાઓ સેવાઈ રહી છે ત્યારે હાલ તો પ્રાંતિજ પોલીસ એકપણ પશુચોરીનો ભેદ કે પશુ ગેંગને પકડવામાં નિષ્ફળ રહી છે.

## દાવડમાં તબેલાની દીવાલ તોડી અજાણ્યા શખ્સો ભેંસ ચોરી ગયા

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લામાં પશુ ચોરીના અનેક બનાવો બની રહ્યા હોવા છતાં પોલીસ તંત્ર આવા પશુ ચોરોને પકડી શકી નથી ત્યારે મંગળવારે રાત્રે ઈડર તાલુકાના દાવડ ગામે આવેલ ખરખરી ચોકડી પાસેના એક તબેલાની દીવાલ તોડી અજાણ્યા શખ્સો રૂા.૭૦ હજારની ભેંસ ચોરી ગયા હતા. જે અંગે પશુ માલિકે જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે દાવડના ખરખરી ચોકડી નજીક આવેલ તબેલાની દીવાલ તોડી પ્રકાશભાઈ પશાભાઈ પટેલની રૂા.૭૦ હજારની ભેંસ ચોરી કરી લઈ ગયા હતા. પશુ માલિકનું માનવું છે કે પશુ ચોરો હાઈવે રોડ પર જીપડાલા જેવું વાહન લઈને આવ્યા હોવાનું નકારી શકાતું નથી. જેથી પોલીસે આવા તત્વોને પકડી યોગ્ય સજા કરવી જોઈએ. ઉપરાંત પ્રકાશભાઈ પટેલે અજાણ્યા પશુ ચોર વિરૂધ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ખંઢોરાની યુવતીએ ગળાફાંસો ખાધો

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જીલ્લાના પોશીના તાલુકાના ખંઢોરા ગામે રહેતી એક યુવતીએ સોમવારે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પોશીના પોલીસે બુધવારે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ખંઢોરા ગામે રહેતા જેથાભાઈ અંગારી સોમવારે કામ અર્થે પોશીના ગયા હતા ત્યારે તેમના પત્નિ શાન્તાબેન અંગારી (ઉ.વ.૪૮) એ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા મોત નિપજયુ હતું. જે અંગે અમરતભાઈ જેથાભાઈ અંગારીએ બુધવારે પોશીના પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



**ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં પ્રવેશોત્સવ યોજાયો**

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે સામાજીક કાર્યકર વનરાજભાઈ ડામોર, અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ આચાર્ય ટી.કે.પરમાર તેમજ સ્ટાફ પરીવારએ નવિન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તિલક કરી ગોળ-ધાણા ખવડાવી મોંઢુ મીઠું કરાવી આનંદભેર આવકાર્યા હતા.ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# પાલનપુરમાં માર્ગ કામગીરીમાં વ્યાપક ભ્રષ્ટાચાર : સ્થાનિકો દ્વારા કલેકટરને રજૂઆત

પાલનપુર, તા. ૧૦

જીલ્લા મથક પાલનપુર શહેરમાં પાલનપુર નગરપાલિકા દ્વારા નવીન રોડ બનાવવાની કામગીરી હાલમાં પુરજોશમાં ભષ્ટાચારની મહેક સંચા કમાલપુર વિસ્તાર સુધીનો નવીન રોડમાં કોન્ટ્રાકટર અને ભાજપ શાસિત પાલિકા સત્તાધીસોની મિલીભગતના લીધે લાખો રૂપિયા ચોમાસાના પાણીમાં જશે તો નવાઈ નહિ.



સાથે ચાલી રહી છે ત્યારે શહેરના કેટલાક વિસ્તારોમાં પાલિકાના નવા નિશાળિયા નગર સેવકોએ નવીન રોડ બનાવી પાલનપુર વાસીઓની મજાક કરી હોય તેમ લાગી રહયું છે. પાલનપુર શહેરના દિલ્હી ગેટ વિસ્તારથી સાત સ્થાનિક રહીશોનું કહેવું છે નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ નવીન રોડ જોઈને પણ અમને શરમ અનુભવીએ છીએ તો બીજી તરફ કેટલાક મુસ્લિમ વિસ્તારમાં રોડની મંજુરી હોવા છતાં રોડની કામગીરી પાલિકાએ અધુરી છોડી દેતા સ્થાનિક લોકોએ પણ નારજગી વ્યક્તિ કરી હતી. પાલનપુર દિલ્હી ગેટ વિસ્તારમાં હલકી ગુણવતા રોડ મામલે વેપારીઓ પણ લેખિતમાં કલેકટરને જાણ કરી કોન્ટ્રાકટરને નાણાં ન ચૂકવવા માટે રજૂઆત પણ કરવામાં આવી છે. જો કે મહત્વની વાત એ છે કે પાલિકા પ્રમુખ નીલમબેન જાનીના વિસ્તારમાં જો નવીન રોડ બનાવામાં કોઈ કચાસ ના રાખી હોય તો શહેરના અન્ય વિસ્તાર રોડની કામગીરીમાં અન્યાય કેમ ? એ સવાલ ખુદ ભાજપના નગર સેવકોમાં ચર્ચા ટોક ઓફ ધ ટાઉન બની છે. જો કે પાલનપુર શહેર કમાલપુરા સ્થાનિક લોકોએ જણાવેલ કે રોડ કામગીરીના મામલે નારાજગી વ્યકત કરતા જણાવ્યું હતું બનાસકાંઠા જીલ્લામાં જો મહેસાણા જેવી સક્રિય નેતાગીરીની જરૂર છે અને તો જ પ્રજાના વિકાસકામો સો ટકા થાય તેમ છે.

## બાયડ તાલુકાના આંબલીયારા પોલીસ સ્ટેશનનો ટેલીફોન મૃત:પ્રાય અવ્યવસ્થામાં

બાયડ,૧૦

આંબલીયારા પોલીસ સ્ટેશનનો ટેલીફોન મોટા ભાગે મૃત:પ્રાય અવસ્થામાં હોય છે. કોઈક ફરીયાદીને ફોન દ્વારા એફ. આઈ. આર. નોંધાવી હોય, કોઈ અકસ્માત કે ગુનો બનાવ્યો હોય તો પોલીસને ફોન કરી જાણ કરવા માટે રાજય સરકારે ટેલીફોન આપ્યો છે પણ આંબલીયારા પોલીસ સ્ટેશનનો ટેલીફોન મૃત:પ્રાય અવસ્થામાં હોય છે.

## શાળા પ્રવેશોત્સવમાં વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓનું મુલ્યાંકન કરાશે

મોડાસા, તા. ૧૦

નવા સત્રના પ્રારંભે બંને જિલ્લાની શાળાઓમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. ૯ જુનથી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષમાં ૮ થી ૧૦ જુને ગ્રામ્ય વિસ્તારમાં અને ૧૫ થી ૧૭ જુને શહેરી વિસ્તારમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાશે. પ્રવેશોત્સવ કાર્યક્રમમાં અધિકારી-પદાધિકારીઓ હાજર રહી ધોરણ-૧ માં નવા દાખલ થનાર પ્રવેશપાત્ર બાળકોને પ્રવેશ આપશે. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન ધો. ૨ થી ૯ માં ઉત્તિર્ણ થયેલા હોંશિયાર, મધ્યમ અને નબળા બાળકોનું શૈક્ષણિક મુલ્યાંકન પણ કરવામાં આવશે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક મુલ્યાંકનની સાથે સાથે તેમની ઉત્તરવહીઓની પણ ચકાસણી આવનાર અધિકારી-પદાધિકારી દ્વારા કરવામાં આવશે આથી જો વિદ્યાર્થીના શૈક્ષણિક મુલ્યાંકન કરતા ઉત્તરવહીમાં જો વધુ ગુણ હશે તો શિક્ષણને નોટીસ ફટકારવામાં આવશે.

## પ્રાંતિજના ગેડ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગેડ ખાતે આવેલ પ્રાથમિક શાળામાં તા.૧૦-૬-૨૦૧૬ને શુક્રવારના રોજ પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો જે અંતગર્ત તાલુકા કેળવણી નિરીક્ષક તુલસીભાઈ કે. વાઘેલા , બીટ નિરીક્ષક ત્રિગુણાબેન ત્રિવેદી, જિલ્લા સદસ્ય વિપુલભાઈ પટેલ, સી.આર.સી. શૈલેષભાઈ, શેઠે.પી.એન્ડ હાઈસ્કૂલના આચાર્ય મીઠાભાઈ પટેલ, નૈલેષભાઈ પટેલ , સી.આર.સી ગીરીશભાઈ તથા ગેડના સરપંચ દિલિપભાઈ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં જયારે ધોરણ -૧ માં પ્રવેશ લઈ રહેલા ૨૧ બાળકોને પ્રવેશ અપાયો હતો અને પ્રવેશ લેનાર વિધાર્થીઓને પુસ્તકોની કિટનુ વિતરણ કરવામાં આવ્યું હતું.



**અરવલ્લી જીલ્લાના પ્રજાજનોના આરોગ્ય સાથે ચેડા...**

અરવલ્લી જીલ્લામાં હોટલ-ફાસ્ટફુડ, ખાણી પીણી લારીઓવાળા વગર લાયસન્સ ધંધો કરી રહ્યા છે. અને ગુણવતા સભર ખોરાક આપવાનું તો દુર પણ હોટલમાં કે ફાસ્ટફુડની દુકાનમાં સફાઈ પણ કરવામાં આવતી નથી. બે-ત્રણ દિવસનું વાસી ખોરાક પ્રજાજનોને પધરાવામાં આવે છે. ખોરાક અને ઔષધ નિયંત્રણ વિભાગની મહેરબાની ને કારણે હોટલ, ફાસ્ટફુટ વાળા પોતાની મરજી ફાવે તે પ્રજાજનોના આરોગ્ય સાથે ચેડા કરે છે. કેટલીક હોટલના નામે ગેરકાયદેસર ચીજ વસ્તુ જેવી કે દારૂ, જુગારધામ, વેશાવૃતિ જેવી પ્રવૃતિઓ ચલાવે છે. આવી જગ્યા ઉપર જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા રેડ પાડવામાં આવે તો આવા કાળા કરતુસોની જાન પ્રજાજનોને થાય. ખોરાક અને ઔષધ નિયંત્રણ વિભાગ અને હોટલના માલીકો વચ્ચેની મિલી ભગત ને કારણે પ્રજાજનોનું આરોગ્ય જોખમાય છે.

# પ્રાંતિજ સહિત તાલુકામાં શાકભાજીના ભાવ આસમાને

**ઉનાળાની અસંખ્ય ગરમીમાં શાકભાજીના પાકનો ઉતારાની આવકમાં ઘટાડો થતાં ભાવમાં વધારો**

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં શાકભાજીના ભાવમાં એકાએક વધારો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. અને ઘરોમાં



ભોજનમાં પીરસવામાં આવતી લીલવળ શાકભાજી ઉપર અંકુશ મુકાયો છે.

હાલ અસંખ્ય ગરમીને લઈને શાકભાજીના વાવેતર ઉપર ગરમીની અસર થતાં જેને લઈને શાકભાજીનો ઉતારો ઘટતા અને બજારમાં પણ શાકભાજીની આવક ઉપર કાપ પડતાં હાલમાં શાકભાજીના ભાવો આસમાને પહોચ્યા છે ત્યારે બજારમાં પણ હાલ વિવિધ શાકભાજી બજારમાં છુટકમાં ૨૫૦ ગામના ૨૦ રૂપિયા લેખે વેચાણ થતું જોવા મળે છે અને રોજીંદી જીવન જરૂરીયાત હોવાને લઈને ગુણીઓના બજેટ ઉપર માર પડયો છે ત્યારે બજારમાં હાલ શાકભાજી એક કિલોના ૬૦ થી ૮૦ રૂપિયાના ભાવે તાલુકામાં વિવિધ જગ્યાએ વેંચાય છે ત્યારે હાલ તો શાકભાજી ના ભાવ વધારાને લઈને ગૃહિણીઓમાં કચવાટ ઉભો થયો છે.

# પ્રાંતિજ યોગેશ્વર સોસાયટીમાં ખાનગી કંપનીનો ટાવર ઉભો કરવાની હિલચાલ થતા રહીશોનો વિરોધ

પ્રાંતિજ, તા. ૧૦

પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ યોગેશ્વર સોસાયટીમાં રહેણાંક વિસ્તારમાં પ્લોટ નં. ૮ અને ૯માં સોસાયટીની વચ્ચે મોબાઈલ ખાનગી કંપનીનો ટાવર ઉભો કરવાની હિલચાલથી સોસાયટીના રહીશો દ્વારા વિરોધ વ્યકત કરાયો છે.

પ્રાંતિજના હાર્ટ સમાન એપ્રોચ રોડ ઉપર આવેલ યોગેશ્વર સોસાયટીમાં મોબાઈલ ખાનગી કંપનીને પ્લોટ માલિક દ્વારા સોસાયટીની વચ્ચે મોબાઈલ કંપનીનો ટાવર ઉભું કરવાની મંજુરી આપતાં સોસાયટીના રહીશો ખિન્ન થયા છે અને સોસાયટીમાં મીટિંગ કરી સામુહિક વિરોધ વ્યકત કર્યો છે જયારે રેસીડન્ટ વિસ્તારમાં કોમર્શીયલ ટાવર ઉભું થાય તો સોસાયટીના રહીશો અને બાળકો ઉપર મોબાઈલ ટાવરના તરંગોને લઈને વિપરીત અસરો તથા વાઈબ્રેશન થતાં આસપાસના મકાનોમાં તિરાડો તથા નુકશાન અને ઘોંઘાટનું પ્રદુષણ તથા બાળકો પર માનસિક અસર તેમજ શિક્ષણ પર વિપરીત અસર પડે તેવી ચિંતા સોસાયટીના રહીશોએ વ્યકત કરી છે ત્યારે ટાવર ઉભો થવાની સામે એક સાથે વિરોધ કરવાનું પણ સોસાયટીના રહીશ અજયભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, ગોપાલભાઈ પટેલ વગેરેએ છેક સુધી લડી લેવાનો નિર્ધાર કર્યો છે.

# ધાનેરામાં વધતી જતી ટ્રાફિક સમસ્યાથી પ્રજા ત્રાહિમામ

**ધાનેરા પોલીસની નબળી કામગીરીને લીધે લોકોમાં રોષ : મારી પાસે અપૂરતા સ્ટાફના અભાવે ટ્રાફિક કંટ્રોલ નથી કરાતું : પી.આઈ ચુડાસમા**

ધાનેરા, તા. ૧૦

ધાનેરામાં ટ્રાફિકની સમસ્યાને લઈ ધાનેરા સહીત ગામડેથી આવતા લોકો પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ત્યારે પોલીસની નબળી કામગીરીને લઈ લોકોમાં અનેક સવાલ ઉઠી રહ્યા છે. તો બીજી તરફ ધાનેરા પી.આઈ જણાવી રહ્યા છે મારી પાસે પુરતો સ્ટાફ નથી જેના કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા સર્જાય છે.

ધાનેરા જુના બસ સ્ટેન્ડ પાસેનું સર્કલ ડીસા રોડ ગંજ રોડ લાયબ્રેરી વિસ્તાર લોકોનો ભારે અવાર-જવર કરાવી પડી છે પણ જયારે જુઓ ત્યારે આ બધા રસ્તા ટ્રાફિકથી ઉભરાયેલા જોવા મળે છે. અને લોકોને પોતાનો કિંમતી સમય બગાડી કલાકો સુધી ટ્રાફિક માં હેરાન થવું પડે છે ગમે તેટલું ટ્રાફિક સર્જાય પણ પોલીસ તો ક્યાય જોવા મળતી



નથી ત્યારે પોલીસની કામગીરીથી લોકો રોષે ભરાયા છે અને લોકો જણાવી રહ્યા છે કે ધાનેરામાં પોલીસ છે કે નહિ તે એક સવાલ ઉભો થાય છે હવે જો વાત કરવામાં આવે ધાનેરા અગ્રવાલ પાસે પુલની તો ત્યાં પણ જયારે જુઓ ત્યારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. શાળાએ જતા બાળકોને પણ ભારે મુશ્કેલી નો સામનો કરવો પડે છે આટલુજ નહિ પણ જયારે કોઈ ઈમરજન્સી કેસ હોય ત્યારે દર્દીને પણ ટ્રાફિકમાંથી પસાર કરવું ખુબજ મુશ્કેલ બની જાય છે અને ટ્રાફિકની સમસ્યા ક્યાંક કોઈકનો ભોગ તો નહિ લે ને ? આ બાબતે ધાનેરા પોલીસ સ્ટેશના પી આઈ જે.એમ.ચુડાસમાનો ટેલીફોનીક સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે મારી પાસે પુરતો સ્ટાફ ન હોવાના કારણે ધાનેરા માં ટ્રાફિક સર્જાય છે મારી પાસે સ્ટાફ આવી ગયા બાદ ધાનેરામાંથી ટ્રાફિક સમસ્યા દુર કરવાનું જણાવ્યું હતું.

ધાનેરા ના લોકો વાહન ચાલકો જણાવી રહ્યા છે જીલ્લા ના પોલીસ અધિક્ષક શ્રી નીરજ બડગુજર સાહેબ શ્રી આ બાબતે થોડું ધ્યાન આપે અને ધાનેરા વાસીઓ નીં મુશ્કેલી દુર કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.



પાલનપુરમાં આજે બાલમંદિરનું શૈક્ષણિક કાર્ય પૂર્ણ કરી ભણતર ગણતરમાં પહેલુ પગલુ માંડતા ધોરણ-૧ ના ભૂલકાઓને પ્રાથમિક શાળા દ્વારા કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. પાલનપુરની વિદ્યામંદિરની જૈન શિશુ શાળામાં વહેલી સવારે શશીવતમાં ભૂલકાઓ ગણવેશમાં સજ્જ બની માતા-પિતા અને દાદા-દાદી સાથે આવી પહોંચ્યા હતા. જ્યાં શાળાના આચાર્યા લીલાબેન રાણા અને શાળા પરિવારે બાળકોને શાળામાં આવકાર્યા હતા.